
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ... બસ સ્ટેન્ડને એરપોર્ટ લુક આપજો. જીપીએસ સીસ્ટમ મુકજો... પણ પહેલા ડ્રાઈવરને સમજાવજો કે આ બસ છે... પ્લેન નથી...!! શાંતીથી ચલાવે..!!

# સિવિલ કેમ્પસમાં નવિન પાર્કીંગ બનશે

ગાંધીનગર તા,૪

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં પાર્કીંગને લઈ દરરોજ સમસ્યાઓ સર્જાય છે. સિવિલમાં સારવાર માટે આવતા જિલ્લાભરના દર્દીઓ, સગાઓ, અને સ્ટાફના કર્મીઓ આડેધડ વાહનો પાર્ક કરતા પાર્કીંગની સમસ્યા સર્જાય છે. તાજેતરમાં પોલીસ દ્વારા આડેધડ પાર્કીંગના પ્રશ્ને વાહનચાલકો પાસે દંડનીય કાર્યવાહી કરી હતી. જેને પગલે સ્ટાફના કર્મીઓ પણ સિવિલના ઉચ્ચ અધિકારીઓ પાસે પાર્કીંગના પ્રશ્ને દોડી ગયા હતા. જયારે અધિકારીઓએ પણ વાહનોના ધસારાને કારણે કેમ્પસમાં નવિન ૨ પાર્કીંગ બનાવાની વિચારણા ચાલી રહી છે.

રાજયના પાટનગર ગાંધીનગરની સિવિલ જી.એમ.ઈ.આર.એસ સંચાલિત હોવાથી દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં વધારો થવા પામ્યો છે. આઠ માળની નવી બિલ્ડીંગ અને પાંચ માળની ઓ.પી.ડી કાર્યરત કરી દેવાતા દર્દીઓને ભીડ અને લાબી લાઈનોમાંથી રાહત મળી છે. સિવિલમાં સારવાર મેળવવા માટે જિલ્લા તેમજ આસપાસના જિલ્લામાંથી પણ સારવાર માટે દર્દીઓ આવે છે. જયારે સિવિલમાં મેડીકલ કોલેજ બનતા સ્ટાફમાં પણ વધારો થવા પામ્યો છે. સિવિલમાં સ્ટાફ તેમજ દર્દીઓના સગા વાહનો લઈ આવતા સિવિલનું પાર્કીંગ નાનું બનતું જાય છે. સિવિલમાં આડેધડ વાહનો પાર્ક થવાના કારણે વાહનચોરને મોકળું મેદાન મળી ગયું છે. હોસ્પિટલમાંથી આંતરે દિવસે વાહનચોરીના બનાવો બને છે. વાહનચારોને પકડવામાં નિષ્ફળ રહેલી પોલીસ કેમ્પસમાં આડેધડ પાર્ક થયેલા વાહનમાલિકો પર પોતાનો ગુસ્સો ઉતારતા હોય તેવું લાગી રહ્યું છે. કેમ્પસમાં તાજેતરમાં પોલીસે વાહનોને લોક કરી દંડનીય કાર્યવાહી કરી હતી આ કાર્યવાહીમાં સ્ટાફના માણસો પણ ઝપટે ચડી ગયા હતા. જેને પગલે પાર્કીંગ પ્રશ્નના ઉકેલ માટે કર્મીઓ ઉચ્ચ અધિકારીઓ પાસે દોડી ગયા હતા અને રજુઆત કરી હતી.સિવિલના અંતરંગ સુત્રો પાસેથી મળતી વિગત મુજબ અધિકારીઓએ ધ્યાનપુર્વક રજુઆત સાંભળી હતી અને વાહનોના ધસારાને પગલે નવિન પાર્કીંગ નવી બિલ્ડીંગ ઘ-૩ના ખુણા પાસે તેમજ પીએમ રુમ પાસે પાર્કીંગ બનાવાનું અધિકારીઓમાં વિચારણા ચાલી રહી છે.



## ખૂણે ખાંચરેથી...

● આજે જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવની ઉજવણી સંપન્ન થઈ છે.

● કોંગ્રેસ આયોજિત રેલીને સાંજ સુધી મંજૂરી નહિ મળી હોવાથી આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો.

● લગ્નસરાની ધૂમ ઉજવણી વચ્ચે આજે કોલેજોમાં ૨, ૪ અને ૬ સેમેસ્ટરનું શૈક્ષણિક સત્ર શરૂ થયું છે.

● ઉમાબા આર્ટસ કોલેજની એન.એસ.એસ. પાંખનો વાર્ષિક શિબિર કલોલ તાલુકાના મોખાસણ ગામે યોજાયો છે.

● આગામી ૭, ૮ અને ૯ જાન્યુઆરી દરમ્યાન ગાંધીનગર મેડિકલ કોલેજના હોલમાં જાહેર આરોગ્ય સેવાઓ અંગે જોઈન્ટ વેન્ચરમાં રાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાશે.

● ગાંધીનગર શહેરમાં અત્યારે બેવડી ઋતુનો અનુભવ નગરજનો કરી રહ્યા છે.

# ઈન્ફોસીટી પાસેથી ચાર રોડ સાઈડ રોમીયો ઝડપાયા

## અવરજવર કરતી યુવતીઓ સાથે બિભત્સ ચેનચાળા કરતા હતા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના ઈન્ફોસીટી વિસ્તાર આસપાસથી પસાર થતી યુવતીઓ અને મહિલાઓ પર નજર નાંખીને તેમની મશ્કરી કરતા ચાર રોડ સાઈડ રોમીયો ઈન્ફોસીટી પોલીસનાં સકંજામાં આવી ગયા હતાં. પોલીસે ચારેયની ધરપકડ કરીને કડક કાર્યવાહી શરૂ કરી છે.

ઈન્ફોસીટી પી.આઈ. પી.બી. ચૌહાણ તથા તેમની ટીમે ઈન્ફોસીટી નજીકના ઘ-૦ અને ચ-૦ સર્કલ આસપાસ રોમીયોગીરી કરી રહેલા ચાર તત્વોને દબોચી લીધા હતાં. આ વિસ્તારમાંથી અવર જવર કરતી યુવતીઓ સાથે ઠઠ્ઠા મશ્કરી કરીને છેડતી કરી રહ્યા હતાં. ઈન્ફોસીટી પોલીસે વોચ ગોઠવીને આવા તત્વોને પકડી પાડી સબક શિખવાડયો છે. સે-૨૪ સાંઈ મંદિર નજીક રહેતા નારણ શંકર પરમાર, મેઘાણીનગર રહેતા માઈકલ વિજય શિયત, સે-૨૫ જીઆઈડીસી રહેતા ગોવિંદ વિરેન્દ્ર યાદવ અને ઈટાદરાના જગદીશ મહેન્દ્ર પટેલ મળીને ચારેય તત્ત્વોની ધરપકડ કરી તેમની સામે આઈપીસી કલમ ૫૦૯ હેઠળ ગુનો દાખલ કરી કડક કાર્યવાહી હાથ ધરી છે.

# ઠંડી ગરમી સાથે શહેરમાં મિશ્ર ઋતુનો અહેસાસ

સમગ્ર ગુજરાત સૌરાષ્ટ્રમાં હાલમાં ઠંડી ગરમીનો મિશ્ર અહેસાસ થઈ રહ્યો છે. આજે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિ.સે અને લઘુત્તમ તાપમાન ૧૧.૮ ડિ.સે. જેટલું નોંધાયું છે.

કેટલાક સમયથી તાપમાનમાં વધ ઘટ થવા સાથે ઠંડી ગરમીનો અહેસાસ યથાવત રહ્યો છે. દિવસે ગરમી અને રાત્રે વાતાવરણમાં ઠંડક અનુભવાય છે. ગયા શનિવારથી સમગ્ર ગુજરાતમાં બદલાયેલા વાતાવરણની અસર હેઠળ ગરમીનો અહેસાસ થતો હતો. લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીની નજીક પહોંચતા ઠંડી જાણે ગાયબ થઈ ગઈ હતી. જો કે છેલ્લા એકાદ-બે દિવસથી લઘુત્તમ તાપમાન થોડુંક ઘટયું છે. પવનની ગતિ વધતા રાત્રે ફરીથી થોડીક ઠંડીની અસર વર્તાય છે. જો કે દિવસે હજુ મહત્તમ તામપાન ૩૦ ડિગ્રીથી વધુ રહેતા દિવસે પંખા ચાલુ કરવા પડે છે. આજે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૧.૮ ડિ.સે. નોંધાયું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૭૫ ટકા અને સાંજે ૩૬ ટકા રહ્યું હતું. આગામી સપ્તાહે તાપમાનનો પારો નીચે ઉતરવાનું શરૂ થતાં આવતા સપ્તાહમાં ફરી ઠંડીનું આક્રમણ શરૂ થવાની આગાહી હવામાન વિભાગે કરી છે.



ધ્યાન શિબિર : પંચદેવ મંદિરના પ્રાંગણમાં ધ્યાન શિબિરનું આયોજન કરાયું હતું. જપ અને ધ્યાન ભક્તિ માર્ગના મહત્ત્વના અંગો છે. ધ્યાન અનુભૂતિનો વિષય છે. આજકાલ ધ્યાન યોગ શિબિરનો વધતો મહિમા આધ્યાત્મિક ક્ષેત્રમાં ઉચાં સ્થાને પહોંચ્યો છે. શહેરના ગ્રામદેવતા સમા પંચદેવ મંદિરના સાંનિધ્યમાં ભાવિકો ધ્યાન શિબિરમાં મોટી સંખ્યામાં જોડાયા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

## જમ્મુ-કાશ્મીરના વિદ્યાર્થીઓ મુખ્યમંત્રીની મુલાકાતે

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાષ્ટ્રની એકતા-અખંડિતતા તથા સમાજજીવનને સુદૃઢ બનાવવા કન્યા શિક્ષણ-મહિલા સશક્તિકરણને આવશ્યક પરિબળ ગણાવ્યા છે. શ્રીમતી આનંદીબહેને બોર્ડર સિક્યુરીટી ફોર્સ-બી.એસ.એફ. દ્વારા આયોજિત ભારત દર્શન-૨૦૧૫ અંતર્ગત ગુજરાત પ્રવાસે આવેલા જમ્મુ-કાશ્મીરના સરહદી ક્ષેત્રના ૨૦ વિદ્યાર્થીઓના જૂથ સાથે આજે ગાંધીનગરમાં રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો.

# ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૨મીએ મળશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૨મી જાન્યુઆરીના રોજ સરદાર પટેલ હોલમાં શ્રી રામાજી ઠાકોરના અધ્યક્ષપદે સામાન્ય સભા મળશે.

શ્રી રામાજી ઠાકોરના અધ્યક્ષપદે મળી રહેલી આ પ્રથમ સામાન્યસભામાં જિલ્લા પંચાયતની નવ સમિતિઓની રચના તેમજ સમિતિઓને સત્તા સોંપણી ઉપરાંત અન્ય કામગીરી પણ હાથ ધરવામાં આવશે.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ વિવિધ સમિતિઓની રચના ઉપરાંત વિવિધ શાખાઓની કામગીરી જે કરવાની થતી હોય તે અંગેની વિગતો શાખાઓ પાસેથી માંગવામાં આવી છે.

આ સામાન્ય સભા અંગેનો એજન્ડા આગામી એક-બે દિવસમાં જારી થઈ જશે. બપોરે મળનારી આ સામાન્ય સભા અંગે તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

જિલ્લા પંચાયતની સમિતિઓની રચનાને લઈ સભ્યો વચ્ચે બેઠકોનો દોર શરૂ થઈ જવા પામ્યો છે. રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પ્રમુખપદને લઈ કોંગ્રેસમાં છેક સુધી ચાલેલી રસાકસીને અંતે અસંતુષ્ટ જૂથને સાત સમિતિઓ આપવાની વાતનો પ્રદેશ મોવડીમંડળે સ્વીકાર કર્યો હોવાથી હવે સમિતિઓની રચના અંગે શું થાય છે તેને લઈ અટકળોનો દોર ચાલી રહ્યો છે. જિલ્લામાં કારોબારી, બાંધકામ, શિક્ષણ, ખેતીવાડી, સહકાર સહિતની સમિતિઓ અસંતુષ્ટ જૂથને ફાળવવામાં આવશે. જો કે સમિતિઓની રચનાને લઈ હાલ પંચાયમાં અટકળનો દોર ચાલી રહ્યો છે.

કારોબારી સમિતિની જે સત્તાઓ સામાન્ય સભાને હતી તે સહિત વિવિધ સમિતિઓને સત્તા સોંપણીના હૂકમો આ સામાન્યસભામાં કરાશે.

# લેબ-એક્સરે ટેકનીશ્યનો માટે સ્વચ્છતા સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૪

ધી મેડીકલ ટેકનીશ્યન એસોસિએશન ગુજરાત રાજ્યના સહયોગથી રાજ્ય સરકારના તમામ વિભાગોના લેબોરેટરી ટેકનીશ્યન અને એક્સ-રે ટેકનીશ્યનો માટે સ્વચ્છતા અભિયાન અંતર્ગત તાજેતરમાં ગાંધીનગરના કડી કેમ્પસના ખીમજી વિસરામ હોલ ખાતે સેમિનાર યોજાયો હતો. જેમાં ગુજરાત રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર, જનરલ હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ, કોર્પોરેશનની હોસ્પિટલ તથા મેડીકલ કોલેજ સહિતના આશરે ૧૩૦૦ કરતા વધુ લેબટેકનીશ્યનો અને એક્સ-રે ટેકનીશ્યનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં વિભાગીય નિયામક ડૉ. નીલમ પટેલે સ્વચ્છતા અભિયાન અંતર્ગત માહિતી આપતા જણાવ્યું હતું કે બીનજરૂરી ફાઈલો અને વસ્તુનો નિકાલ કરવો, પોતપોતાના વિભાગની નિયમિત સફાઈ કરવી જોઈએ તેમજ સ્ટેટ ક્વોલીટી કંટ્રોલ ઓફીસર ડૉ. જે.એલ. મીનાએ આરોગ્ય વિભાગમાં આવતા દર્દીઓની જીંદગી ખૂબજ કિંમતી હોય છે. તેમજ તેઓના નિદાન અંગેની માહિતી પુરી પાડી હતી. જેમાં બાયોમેડીકલ વેસ્ટનો સમયસર અને પદ્ધતિસર નિકાલ કરવો, જેથી બિનજરૂરી કોઈને ચેપ ન લાગે તથા સમાજને પ્રદૂષણથી બચાવી શકાય. આ ઉપરાંત લેબ કો. ઓર્ડીનેટર ડૉ. ધ્રુવે લેબોરેટરીમાં કરવામાં આવતા ટેસ્ટીંગ દ્વારા હોસ્પિટલમાં સેવા બજાવતા અધિકારીઓને ક્રોસ ઈન્ફેક્શન ન લાગે તે અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી.

# કલેક્ટર કચેરીના ૨૭ નાયબ મામલતદારોની બદલી કરાઈ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં ૨૭ નાયબ મામલતદારોની બદલીના હૂકમો જારી કરાતાં જિલ્લા વહીવટીતંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

નાયબ મામલતદારોની બદલી ચૂંટણીની કામગીરી સંપન્ન થતાં થવાની કવાયત તેજ બની હતી અને ગત સપ્તાહના અંતમાં આ બદલીના હૂકમો જારી કરવામાં આવ્યા છે.

આ બદલીના હૂકમોમાં પ્રાંત અધિકારીની કચેરીના શિરેસ્તદાર બી.બી. પ્રજાપતિને નાયબ મામલતદાર તિજોરી તરીકે તો નાયબ મામલતદાર બી.પી. પંડ્યાને સર્કલ ઓફિસર ગાંધીનગર મામલતદાર કચેરી, પુરવઠા કચેરીના શ્રી આર.ડી. પટેલને સર્કલ ઓફિસર માણસા, એસ.એસ. ગામેતીને એ.ટી.વી.ટી. માણસા, જીગરભાઈ પરમારને સર્કલ ઓફિસરમાંથી મતદારયાદી, એન.એ. રાવ પ્રાંત કચેરી કલોલથી બદલી માણસા, બી.સી. વ્યાસને ડિઝાસ્ટરમાં, જ.ફા.માંથી શ્રી નાયકને બદલી કૃષિપંચ કલોલમાં જે.સી. રાવલને સર્કલ ઓફિસર જ.ફા. તરીકે પી.એચ. શિહોરાને માણસાથી પુરવઠા શાખામાં મુકવામાં આવેલ છે.

આ ઉપરાંત શ્રીમતિ કે.કે. ગુર્જરને ગાંધીનગરથી બદલી માણસા, શ્રીમતિ ટી.આર. પટેલને ગાંધીનગરથી દહેગામ મ.ભો.યો. માં શ્રીમતિ બી.એન. રબારીને દહેગામથી ગાંધીનગર પ્રાંતમાં, જૈમિન પટેલનો દહેગામથી ગાંધીનગર, કુ.આર.જે. માયાવંશીને ગાંધીનગરથી દહેગામ, એ.વી. આલને દહેગામથી ગાંધીનગર પ્રાંતના શિરસ્તેદાર તરીકે હિતેશ પુરોહિતને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં, બી.વી. ચાવડાને માણસાથી કલોલ, આર.એલ. પરમારને તિજોરીમાંથી જ.ફા.માં નિમવામાં આવ્યા છે.

દહેગામ કૃષિપંચ મામલતદારનો વધારાનો હવાલો ધરાવતા શ્રી વિરમભાઈ દેસાઈને કલોલ મામલતદાર કૃષિપંચનો પણ હવાલો સોંપવામાં આવ્યો છે.

૩૧મી ડિસેમ્બરના રોજ ચૂંટણીની જગ્યાઓ રદ થતાં જ વહીવટીતંત્રમાં આ ફેરફારો કરવામાં આવ્યા છે.

# ધોળાકુવા ગામે શેડ તથા ધોબીઘાટનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૪

આજરોજ ધોળાકુવા ગામે મહાનગર પાલિકા ગાંધીનગર દ્વારા બનાવવામાં આવેલ નવો શેડ તથા ધોબીઘાટને ખુલ્લા મુકવામાં આવ્યા તથા ધોળાકુવા ગામના નવ યુવાનો ચંચળ માતાજી નાટક યુવક મંડળ તથા બળિયાદેવ યુવક મંડળનું ઉમળકાભેર સ્મૃતિચિહ્ન તથા શાલ ઓઢાડીને બહુમાન સ્થાનિક કોર્પોરેટર હસમુખકુમાર મકવાણા, શંભુજી દોલાજી ઠાકોર તથા મ્યુનિસિપલ કમિશ્નર જે.આર. ચૌધરી તથા આર.એન્ડ.બી.ના અધિકારી જી.આર. ચારેલ અને સ્થાનિક ગામના આગેવાનો દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

ધોળાકુવા નવ યુવાનો દ્વારા ઉપરોક્ત મહેમાનોનું નાસિક બેન્ડ દ્વારા સામૈયું કરવામાં આવ્યું હતું અને શંભુદી દોલાજી ઠાકોર દ્વારા શેડનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું જ્યારે ધોબીઘાટનું ઉદ્ઘાટન ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશ્નર દ્વારા કરવામાં આવ્યું હતું.

ગામના ઉત્સાહી નાટક મંડળ

● અનુસંધાન પાના - ૭ પર

# ગાંધીનગર તાલુકાના રવિ કૃષિ મહોત્સવમાં ૧૭૬ ખેડૂતોને ૪૮.૯૩ લાખની સહાય

ચિલોડા, તા. ૪

ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાનો રવિ કૃષિ મહોત્સવ શિવપુરા કંપા ખાતે યોજવામાં આવ્યો હતો. આ રવિ કૃષિ મહોત્સવમાં કૃષિ વિભાગની વિવિધ યોજનાઓના ૧૫૪ ખેડૂત લાભાર્થીઓને રૂ. ૩૩.૩૫ લાખ બાગાયત વિભાગના ૧૫ લાભાર્થીઓને રૂ. ૪.૪૬ લાખ તથા અન્ય સાત મળી કુલ-૧૭૬ ખેડૂતોને રૂપિયા ૪૮.૯૩ લાખની સહાય આપવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા પ્રભારી અને સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ અધિક મુખ્ય સચિવ એમ.એસ. ડાગુરે જણાવ્યું હતું કે, દહેગામ તાલુકા પછી ગાંધીનગર તાલુકો ડ્રીપ ઈરીગેશનમાં બીજા ક્રમે છે. ગાંધીનગર તાલુકાના ૧૯૯૫ ખેડૂતોએ ડ્રીપ ઈરીગેશન અપનાવીને ૩૪૮૨ હેક્ટરમાં સિંચાઈની સુવિધા અપનાવી છે. આ પ્રસંગે ધારાસભ્યો શંભુજી ઠાકોર અને અશોકભાઈ પટેલની ઉપસ્થિતમાં ખેડૂત લાભાર્થીઓને ચેકનું વિતરણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતોને પોતાના અનુભવોનું આદાન-પ્રદાન કર્યું હતું. આ રવિ કૃષિ મહોત્સવમાં કિસાન ગોષ્ઠી અને પ્રશ્નોત્તરી સહિત કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા આધુનિક ખેતી પદ્ધતિ દવાઓ, બિયારણ અને પશુપાલન અંગે આધુનિક પદ્ધતિ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમના મેનેજીંગ ડિરેક્ટર ડૉ. કે.એસ. દેત્રોજા પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કૃષિ અને અન્ય વિભાગો દ્વારા ખેડૂતોને માર્ગદર્શન મળી રહે તે માટે સુંદર કૃષિ પ્રદર્શનનો સ્થાનિક ખેડૂતોએ લાભ લીધો હતો. શિવપુરા કંપા ખાતે પશુ વ્યંધત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કૃષિ મહોત્સવમાં જિલ્લા વિકાસ અધિકારી કૌશિક ભીમજીયાણી, જિલ્લા ખેતીવાડી અધિકારી મહાવીરસિંહ વાઘેલા, ગાંધીનગર મામલતદાર ડી.જી. મોદી, નાયબ બાગાયત નિયામક જે.આર. પટેલ સહિત વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

કૃષિમેળામાં કૃષિ વૈજ્ઞાનિક ડૉ. બી.એમ. પટેલ તથા દહેગામ ફળ સંશોધન કેન્દ્રના બાગાયત વૈજ્ઞાનિક વી.આર. ચુડાસમા, પ્રગતિશીલ સ્થાનિક ખેડૂત શાંતિભાઈ પટેલ અને હસમુખ પટેલે ખેડૂતોનું માર્ગદર્શન કર્યું હતું. આ ઉપરાંત ગાંધીનગર મામલતદાર ડી. જી. મોદી, પ્રાધ્યાપક ડૉ. ટી.વી. સુતરીયા અને પ્રગતિશીલ ખેડૂત નયનાબેન પટેલે પણ પોતાના અનુભવો રજુ કર્યા હતા.

## જિલ્લામાં શિવાપુરા કંપા, બબલપુરા કંપા અને લવાડ ફાર્મ ત્રણ ગામોમાં ૧૦૦ ટકા ડ્રીપ ઈરીગેશન






(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)